**મે. કલોલના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન.જે.નાચી) સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ. કલોલ, જી. ગાંધીનગર.**

**ક્રિમી. કેસ નં.– ૩૬૬૫ / ૨૦૨૧**

**આંક–**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

**આરોપી :–**

**૧. અશોકજી બાસકુજી ઠાકોર**
રહે. તેરસાપરાની ચોકડી, ઉમા કાંટાની સામે, તા.કલોલ,જી.ગાંધીનગર.

**૨. અશોક શનાજી ઠાકોર,**
રહે. તેરસાપરાની ચોકડી, ઉમા કાંટાની સામે, તા.કલોલ,જી.ગાંધીનગર.

**૫. રોહિતભાઈ ભુરજીભાઈ પટણી**
રહે. સર્વોદય સોસાયટીની બાજુમાં છાપરામાં, રેલ્વે પૂર્વ, તા.કલોલ, જી.ગાંધીનગર.

**બાબત :–** **જુગાર ધારા કલમ– ૧૨ મુજબ.**

---

// **ઠરાવ** //

(૧) ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આરોપીઓ સામે ગુજરાત ગેમ્બલીગ એકટ મુજબ કલમ :– ૧૨ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલુ છે.

(૨) સદર કામે આરોપી નં.૧, ૩, ૫ નાઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સના કાગળોની નકલો આપી તેઓની સામેનો ગુનો વાંચી સંભળાવી, સમજાવતા પ્લી નોધતા તેઓએ ગુનાનુ ઈકરાર(કબુલ) કરી ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે. તે બાબતે તેઓને સમજાવતા કે તેઓ જો ગુનો કબુલ કરશે તો તેઓને કાયદા મુજબની સજા થઈ શકે છે. તેમ છતા તેઓએ પોતે સ્વેચ્છિક રીતે ગુનાની કબુલાતને વળગી રહે છે. અને કબુલાત પુરસીસમાં જણાવેલ છે, કે તેઓનો આ પ્રથમ ગુનો છે. તેઓ ગરીબ અને સામાન્ય વર્ગના છે. તેઓને કોઈ આવક સાધન નથી. તેઓ મજુરી કરી પોતાનુ તથા પોતાના બાળકનુ ગુજરાન કરે છે. જેથી, રહેમરાહ રાખવા અરજ કરેલ છે.

(૩) કેસની હકીકતો અને આરોપીઓની આર્થિક સ્થિતિ તથા સ્વેચ્છિક કબુલાત અને નામદાર ગુજરાત વડી અદાલતના **ગુજરાત રાજ્ય વિરુધ્ધ નટવરજી હરસગજી જી.એલ.આર.૨૦૦૫ (૧)પાના ન.૭૦૯ ના** કેસમાં પ્રસ્થાપિત મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો તેમજ કાયદાનો હેતુ ગુનો કરતા અટકાવા માટેનો છે ત્યારે

ગુનાના પ્રકારને ધ્યાને લઈ સુધારાત્મક સજા કરવાથી ન્યાયના હિતમાં હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આ કામે આરોપી નં.૧, ૩, ૫ નાઓને ક્રી. પ્રો. કોડની કલમ ૨૫૫(૧) અન્વયે ધી ગુ. ગેમ્બલીગ એકટની કલમ:–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપીએ રૂ.૪૦૦/– એમ કુલ ત્રણ(૦૩) આરોપીઓને રૂા.૪૦૦ x ૩ = રૂા.૧૨૦૦/– (અંકે રૂપિયા બારસો પૂરા) ભરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડની રકમ ભરપાઈ ન કરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપી દ્બારા આંક____ થી નો કલેઈમ પુરસીસ આપેલ હોઈ મુદામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો તથા બિન કિંમતી મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : **૧૪** મી, **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી )**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મુ. કલોલ, જી. ગાંધીનગર.
**UIC No. GJ 00894**

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ કલોલ.